Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પૂ. 'ભાઈશ્રી' ના સિદ્ધાંતોની સરવાણી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ૐ

श्री वीतरागाय नमः

પૂ. 'ભાઈશ્રી' લાલચંદભાઈના ૧૦૦ મા જન્મદિન નિમિત્તે આજરોજ આ ૧૦૦ સિદ્ધાંતિક સૂત્રોની નાની પુસ્તિકા પ્રકાશિત કરતા સંસ્થા હર્ષ અનુભવે છે.

પૂ.ભાઈશ્રીનું મહામાંગલિક સૂત્ર "હું જાણનાર છું હું કરનાર નથી, જાણનારો જણાય છે ખરેખર પર જણાતું નથી" આ સૂત્રમાં જ ખરેખર તો બાર અંગનો સાર ભરેલો છે. પરંતુ તે સૂત્રની સાર્થકતા થવા માટે જે સૂત્રો પૂરક છે તેવા સિદ્ધાંતોની સરવાણીરૂપ આ ટોટલ ૧૦૦ સૂત્રો અત્રે પ્રકાશિત કરવામાં આવ્યા છે.

આ નાની પુસ્તિકા પ્રકાશિત કરવાનો હેતુ એ છે કે દરરોજ કોઈપણ કાર્યમાં વ્યસ્ત

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

રહેવા છતાં પણ મુમુક્ષુ સમાજ આ બોલનો અભ્યાસ નિરંતર કરી શકે અને સિદ્ધાંતોથી પોતાના આત્માની ઉર્ધ્વતા રહે ને આત્મિક જ્ઞાન ત્વરિત પ્રગટ થઈ જાય તે હેતુથી આ બોલ પ્રકાશિત કરવામાં આવ્યા છે.

પૂ.ભાઈશ્રીના પ્રવચનો તથા ચર્ચા-માંથી આવા તો હજારો સૂત્રોનું સંકલન થઈ શકે તેમ હોવા છતાં અત્રે ૧૦૦ મી જન્મજયંતિને લક્ષમાં રાખી ૧૦૦ સૂત્રો પ્રકાશિત કરવામાં આવ્યા છે.

આ એક એક સિદ્ધાંત એવા છે કે જેનું સૂક્ષ્મતાથી ચિંતન-મનન કરવાથી ભાવ-ભાસનપૂર્વક અનુભૂતિ અવશ્ય થઈ શકે. આશા છે કે આ સિદ્ધાંતોની સરવાણીથી મુમુક્ષુ સમાજને ઘણો જ લાભ થાય ને મૂળ આત્મસ્વરૂપ લક્ષમાં લઈ કાર્યની પ્રગટતા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

માટેનું એક નવિનતમ કારણપણું આમાંથી ઉદ્‌ભવિત થાય.

આ પુસ્તિકા પ્રકાશિત કરવા માટે શ્રી ભારતીબેન બી. ભાયાણી - અમેરિકા તરફથી રૂા. ૨૫૦૦૦/- ની દાનરાશિ પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેમનો આવા ઉમદા કાર્ય બદલ સહર્ષ આભાર માને છે.

卐

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૦
પ્રકાશન તારીખ : ૧-૬-૨૦૦૯
મૂલ્ય : સ્વાધ્યાય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## Thanks & Our Request

This electronic shastra has been donated in memory of Pujya Shree Lalchandbhai Amarchand Modi's 100th Janma Jayanti (1 June 2009) by Shree Kundkund KahanAmrut Prabhavna Mandir Trust, "Sweet Home", Jagnath Plot, Sheri Number 6, Jymkhana Road, Rajkot, India, 360 001.

Our request to you:

1) This electronic version of 100 Siddhanto Ni Sarvani is the original copy from which the first paper version was printed. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 8 July 2009 | First electronic version |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# બધા ભગવાન છો



# બધા ભગવાન થાઓ

## અધ્યાત્મમૂર્તિ સત્પુરુષ
## પૂ. શ્રી કાનજી સ્વામી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

**“રે સ્વચ્છતા તો દેખો, જહાँ સર્વ જ્ઞેય ઝલકે;**
**નહીં જ્ઞેયકૃત મલિનતા, જ્ઞાયક અમલ સદા હૈ.”**




## શુદ્ધાત્મવેદી
## પૂ. ‘ભાઈશ્રી’ લાલચંદભાઈ મોદી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

૧

હું જાણનાર છું,
હું કરનાર નથી.
જાણનારો જણાય છે,
ખરેખર પર
જણાતું નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૨

# પરિણામ
# થવા યોગ્ય થાય છે
# અને
# જાણનારો જણાય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

3

પ્રમાણની બહાર જવું
નહીં અને પ્રમાણમાં
અટકવું નહીં.
પ્રમાણમાંથી જે જીવ
નિશ્ચય કાઢે છે તે
જિનવચનમાં કુશળ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૪

પરિણામ
મારા કર્યા વિના થયા કરે છે
અને
પરિણામ
મારા જાણ્યા વિના જણાયા કરે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

૫

# આત્મામાં સ્યાદ્વાદનો અભાવ છે અને અનુભવજ્ઞાનમાં સ્યાદ્વાદનો સદ્ભાવ છે.

૯

ગુરુતત્ત્વ તે ગુરુતત્ત્વ, ગુરુતત્ત્વમાં વિશેષતા એ હોય છે કે તેનું જ્ઞાન સર્વાંગી હોય છે. ગણધરનું જ્ઞાન ગમે તેટલું હોય છતાં ગણધર કહે છે, ગુરુ તો જ્ઞાનનો સમુદ્ર છે અમે તો સમુદ્રમાં બિંદુ સમાન છીએ. ગુરુના લાખ શિષ્ય હોય પણ ગુરુતત્ત્વ તે ગુરુતત્ત્વ. પૂ.બેનશ્રીની વાણીની શરૂઆત જ ત્યાંથી થાય કે ગુરુદેવ બધું કહી ગયા છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૭

# સર્વથા ભિન્ન વિના કથંચિત્ ભિન્ન-અભિન્નનું જ્ઞાન સમ્યક્ નહીં થાય.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૮

# ધ્યેયનું લક્ષણ
# પરમપારિણામિકભાવ છે
# અને
# જ્ઞેયનું લક્ષણ ઉપયોગ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

૯

આત્મા અકર્તા છે તે
જૈનદર્શનની પરાકાષ્ટા છે.
કર્તાબુદ્ધિ ને
જ્ઞાતાબુદ્ધિ
બે મોટામાં મોટા દોષ છે.

૧૦

આત્માનો સ્વભાવ જ્ઞાન અને
જ્ઞાનનો સ્વભાવ આત્માને
જાણવું તે અને પરને
ન જાણવું તે છે.

૧૧

ઉપયોગ
ઉપયોગવાનનો છે.
તેને જાણે તો તેનો
સદુપયોગ છે,
તેને ન જાણે તો
તેનો દુરુપયોગ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૧૨

પરને જાણવાનું
બંધ કરતા
શાતા ઉપજે છે
અને
આત્માને જાણતા સુખ
ઉપજે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

૧૩

શ્રદ્ધાન એકનું ને
જ્ઞાન બેનું,
પણ પ્રથમ તો
શ્રદ્ધાન-જ્ઞાન એકનું
થાય ત્યારે જ્ઞાન
બેનું સાચું.

**૧૪**

નિરપેક્ષના ભાન સાથે
સાપેક્ષનું જ્ઞાન હોય છે
પણ નિરપેક્ષના ભાન
વગર સાપેક્ષનું જ્ઞાન
અજ્ઞાન છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૧૫

તત્ત્વ સમજવાની
ઉતાવળ કરવામાં
કર્તાબુદ્ધિ થવાનો સંભવ છે
અને પ્રમાદ કરવાથી
નિરાશા થવાનો સંભવ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૧૬

આત્મા પરને જાણે છે
તેમાં તો આત્મા જણાતો
જ નથી. આત્મા
આત્માને જાણે છે તેમાં
પણ આત્મા જણાતો
નથી. આત્મા તો આત્મા
જ છે તેમાં આત્મા
જણાય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

૧૭

પુણ્યના પરિણામ આવે
તેનાથી મારો આત્મા
જુદો છે, તેવો વારંવાર
ભેદજ્ઞાનનો વિચાર કરવો
તેનું નામ વ્યવહાર છે.
તેનાથી ભિન્ન આત્માનો
અનુભવ કરવો તેનું નામ
નિશ્ચય છે.

૧૮

નિષેધ શબ્દ
દ્વેષવાચક નથી,
ઉપેક્ષાવાચક છે.
વિધિ શબ્દ
રાગવાચક નથી,
અપેક્ષાવાચક છે.
વીતરાગમાર્ગમાં
રાગદ્વેષનો પ્રશ્ન જ નથી.

૧૯

# જણાય જ્ઞાન ને ભાસે જ્ઞેય તે મહાભ્રમણા છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૨૦

# એક જ આત્માના બે રૂપ નિર્વિકલ્પ ધ્યાનમાં જ જણાય.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

૨૧

આત્મા જાણનાર,
અકારક, અવેદક છે તે
દ્રવ્યનો નિશ્ચય છે.
જ્ઞાન આત્માને જાણે છે તે
જ્ઞાનની પર્યાયનો નિશ્ચય છે.
જ્ઞાન પરને જાણતું નથી
તે જ્ઞાનની પર્યાયનો
વ્યવહાર છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૨૨

પ્રમાણજ્ઞાન પૂજ્ય નથી કેમ કે તેમાં
વ્યવહારનો નિષેધ આવતો નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૨૩

# પ્રતિભાસ બે ના ને
# લક્ષ
# એકનું હોય.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

૨૪

પંચાધ્યાયીકર્તાએ કહ્યું છે
કે નિશ્ચયના પક્ષવાળો
અનુભવ પહેલા
સમ્યગ્દષ્ટિ છે.

૨૫

આત્મા ઉત્પાદ-વ્યયથી
રહિત છે
તેમાં જ ઉત્પાદ-વ્યયની
સિદ્ધિ છે.

૨૬

આ જગતમાં કોઈ નિમિત્ત
નથી અને કોઈ જ્ઞેય નથી.
બધા પદાર્થ ઉપાદાન છે
ને જ્ઞાતા છે.
નિમિત્તનો સદ્‌ભાવ હો કે
અભાવ હો.
નિમિત્તના યોગમાં પણ
ઉપાદાન જ જણાય છે.

૨૭

વ્યવહારનો પક્ષ જીવને
સમ્યગ્દર્શનમાં બાધક છે.
વ્યવહાર ચારિત્રમાં
બાધક છે.
વ્યવહાર જ્ઞાનનો અંશ છે
અને વ્યવહારનો પક્ષ
અજ્ઞાનનો અંશ છે.

૨૮

આત્મામાં બે ઉપાદાન.
એક ત્રિકાળી શુદ્ધ ઉપાદાન
બીજું ક્ષણિક ઉપાદાન.
એક ક્ષણિક શુદ્ધ ઉપાદાન ને
બીજું ક્ષણિક અશુદ્ધ ઉપાદાન.
ઉપાદાનમાં ઉપર ચડાઈ છે
અને નિમિત્તમાં નીચે
ઉતરાઈ છે.

૨૯

જેવી રીતે આત્મા બંધ
મોક્ષનું કારણ નથી,
તેવી રીતે ઉત્પાદ-વ્યય પણ
બંધ મોક્ષનું કારણ નથી.
તેની ઉપરક્તિ બંધ
મોક્ષનું કારણ છે.

30

આત્માની પરાશ્રિત પર્યાયમાં રાગ
થતો જ નથી તેમ માને તે
નિશ્ચયાભાસી છે.
પરાશ્રિત રાગ મારો જ છે
તેમ માને તે વ્યવહારાભાસી છે.
આત્મા શુદ્ધ પણ છે ને અશુદ્ધ પણ
છે તેમ માને તે ઊભયાભાસી છે.
આત્મા જાણનાર-દેખનાર,
અકારક અવેદક જ્ઞાન
ચેતનામય છે.
તે નિશ્ચયનો અભ્યાસી છે.

૩૧

# ધ્યેય પણ સમુદ્ર છે
# અને
# જ્ઞેય પણ સમુદ્ર છે.

૩૨

સ્વાધ્યાયથી વિચાર જન્મે છે,
વિચાર દ્વારા નિર્ણય થાય છે
અને નિર્ણયપૂર્વક
અનુભવ થાય છે.

33

નય દ્વારા નિર્ણય થાય છે તે
પરોક્ષ અનુભૂતિ છે.
નયાતીત થતાં જ્ઞાન દ્વારા
અનુભવ થાય છે
તે પ્રત્યક્ષ અનુભૂતિ છે.
જ્ઞાનમાં નય નથી.
શ્રુતજ્ઞાનથી જુદું જ્ઞાન
આત્માને જાણે છે.

૩૪

સ્વભાવ હોવાપણે છે,
વિભાવ થવાપણે છે.

૩૫

જ્ઞાનનો કર્તા કહેવો તે
ઉપચાર-વ્યવહાર છે.
રાગનો કર્તા કહેવો
તે તો અજ્ઞાન છે.

૩૯

એકલું સામાન્યનું ચિંતન,
ઘોલન ને નિર્ણયનો
પ્રયત્ન હોય તેનું નામ
ઊંડા સંસ્કાર છે.
તેની પરિણતિમાં
સામાન્યની અધિકતા
રહે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૩૭

જ્ઞાનનું લક્ષ પર
ઉપર ન હોય અને
ઈન્દ્રિયજ્ઞાનનું લક્ષ
કદી આત્મા ઉપર
ન હોય.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

૩૮

પર્યાયદૃષ્ટિથી જોવાથી
આત્મા હાથમાં
નહીં આવે,
દ્રવ્યદૃષ્ટિથી જોવાથી
આત્મા
હાથમાં આવશે.

૩૯

નય સાપેક્ષ છે, વિકલ્પાત્મક છે,
ઈન્દ્રિયજ્ઞાનરૂપ છે. સ્વભાવ
નિરપેક્ષ છે-નિર્વિકલ્પ છે-
અતીન્દ્રિય જ્ઞાનમય છે.
નયોના વિકલ્પ છૂટે છે ને
જ્ઞાન વિકલ્પ વિનાનું
એકલું રહી જાય છે.
નય પ્રતિપક્ષી છે,
સ્વભાવ નિર્પક્ષ છે.

૪૦

સમ્યક્ એકાંત આવ્યું ન
આવ્યું ત્યાં અનેકાંત ઉપર
નજર ચાલી જાય છે
તે ભૂલ થઈ જાય છે.
જેટલું વજન સમ્યક્ એકાંત
ઉપર આવવું જોઈએ તે
આવતું નથી.

૪૧

હમણાં થોડા વિષયોને જાણી
લઉં પછી સામાન્યદ્રવ્યને
જાણીશ. આવા અભિપ્રાયમાં
જ્ઞાન ઉઘડતું નથી.
જ્ઞેય એટલે કે
ઈન્દ્રિયજ્ઞાન ઉઘડે છે,
જ્ઞાન તો બિડાતું જાય છે.

૪૨

દ્રવ્યને પણ તેના
સ્વભાવથી જો
અને પર્યાયને પણ
તેના સ્વભાવથી જો.
કોઈ નયથી ન જો.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૪૩

# પ્રમાણના લપસણા ઢગલા ઉપર ઊભો રહેશે તો અનુભવ નહીં થાય.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

૪૪

હું જ્ઞાયક છું એમ
સ્થાપન કર.
હું અજ્ઞાની ને મિથ્યાદૃષ્ટિ છું
તે ભૂલી જા.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૪૫

અભેદ ત્રિકાળી સામાન્યના
આશ્રયે ભેદનું જ્ઞાન
આપોઆપ થઈ જાય છે.
ભેદનું જ્ઞાન કરવા માટે
ભેદનો આશ્રય કે દૃષ્ટિ
કરવી પડતી નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

૪૯

જીવને પરિણામ ન હોય.
પરિણામ પરિણામના હોય.

૪૭

તત્ત્વોમાંથી તત્ત્વમાં
ચાલ્યો જાય તે સમ્યક્
સન્મુખ જીવ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૪૮

સાંભળવાની ઈચ્છા
ઉત્પન્ન થવી તે
આરંભ છે ને
એ ઈચ્છા મારી છે
તેમ મમતા કરવી
તેનું નામ
પરિગ્રહ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

૪૯

જ્ઞાન તો જ્ઞેયને પ્રસિદ્ધ
કરે છે પણ જ્ઞેયો
જ્ઞાનને પ્રસિદ્ધ કરે છે
તે સત્‌ની
પરાકાષ્ટા છે.

૫૦

પ્રતિભાસ જ્ઞાનથી
અભિન્ન છે ને જ્ઞાન જ્ઞાયકથી
અભિન્ન છે.

૫૧

કરવાનો અભિપ્રાય
શ્રદ્ધામાં બાધક છે ને
કરવાનો વિકલ્પ
ચારિત્રમાં બાધક છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૫૨

જ્યારે પરિણામનું જાણવું
સર્વથા બંધ થાય છે
ત્યારે નિર્વિકલ્પ ધ્યાન
આવે છે અને
પરિણામનું સમ્યક્ જાણવું
ત્યારે જ વર્તે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

૫૩

જ્યાં સ્વભાવનો
સથવારો સાધર્મી સાધે છે
ત્યાં પ્રમાણ-નય-નિક્ષેપ
તથા
વિધિ-નિષેધના વિકલ્પો
અસ્તતાને પામે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૫૪

અભેદને જ્ઞાન જાણે છે,
ભેદને મન જાણે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ૫૫

લક્ષણ તેને કહેવાય કે
જે લક્ષને પ્રસિદ્ધ કરે
અને અલક્ષને પ્રસિદ્ધ ન કરે.

## ૫૬

પ્રમાણનો લોભ ને
નિશ્ચયાભાસનો ડર
અનુભવ થવા દેતો નથી.

૫૭

જ્ઞાનની જ્ઞપ્તિમાં સ્વપરનો
પ્રતિભાસ છે.
સ્વપરના પ્રતિભાસમાં
સ્વનું જ એક લક્ષ છે.
સ્વપરપ્રકાશક પણ
સ્વપ્રકાશક છે.

૫૮

જ્ઞેયથી જ્ઞાન થતું નથી,
જ્ઞેયનું જ્ઞાન થતું નથી,
જ્ઞાનનું જ્ઞાન થાય છે.

૫૯

અપરિણામીનું લક્ષ
અને પરિણામીનું જ્ઞાન
સમય એક છે.

૬૦

વિશેષને જોવાથી
અજ્ઞાત થઈ જા.

૬૧

અસ્તિ નાસ્તિ
અનેકાંત તે
ભેદજ્ઞાન પરખ છે.

૬૨

આત્માનુભવ પહેલા
જ્ઞાતા તે અધ્યવસાન છે.
આત્માનુભવ પછી
જ્ઞાતા તે વ્યવહાર છે.
જ્ઞાયક તો જ્ઞાયક જ છે,
તે નિશ્ચય છે.
જ્ઞાનીનું આ ફરમાન છે.

૬૩

અનંતગુણાત્મક અભેદ
ધ્યેયમાં ગુણભેદ નથી.
આવા ધ્યેયનું ધ્યાન
કરતાં ધ્યેયપૂર્વક જ્ઞેય
એક સમયમાં થાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૬૪

અપરિણામી
દૃષ્ટિનો વિષય છે.
સમ્યક્ પ્રકારે પરિણામી
જ્ઞાનનો વિષય છે
અને પરિણામનો ભેદ
અજ્ઞાનનો વિષય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

૬૫

બીજો બીજાને જાણે
તે ઈન્દ્રિયજ્ઞાન છે.
પોતે પોતાને જાણે
તે અતીન્દ્રિયજ્ઞાન છે.

૬૬

વ્યવહારનો નિષેધ ન કરે તો સત્ત વ્યવહાર જ ઊભો ન થાય. નિર્દયપણે વ્યવહારનો નિષેધ કરે ત્યારે અનુભવ થાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૬૭

ભવનું કારણ
વિકલ્પ છે.

૬૮

ભેદજ્ઞાનથી મિથ્યાત્વ
ગળે છે
અને અભેદના
અનુભવથી મિથ્યાત્વ
ટળે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વપરપ્રકાશકમાં જ
ભેદજ્ઞાન છે.
જો જ્ઞાનનો સ્વભાવ
સ્વપરપ્રકાશક ન હોય તો
જ્ઞાની કે અજ્ઞાનીના ભેદ જ ન
પડી શકે માટે તે સ્વભાવમાં જ
ભેદજ્ઞાન છે.
સ્વ જણાય છે ને ખરેખર
પર જણાતું નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

૭૦

જ્ઞાન હંમેશા
અભેદગ્રાહ્ય જ હોય છે.

૭૧

જેણે પર્યાયને
સત્-નિરપેક્ષ માની
તેનો સંસાર નહીં રહે,
મોક્ષ થઈ જશે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૭૨

પ્રતિભાસ પણ
ન દેખાય ને એકલો
જ્ઞાયક જ દેખાય
ત્યારે અનુભવ થાય છે.

૭૩

અજ્ઞાનીની વર્તમાન
પર્યાય સ્વચ્છ છે, શુદ્ધ નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૭૪

આત્મા અપરિણામી
ક્યારેય પણ પરિણામી
થતો નથી પણ પર્યાય
સહિત દ્રવ્યને પરિણામી
આત્મા કહેવામાં
આવે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૭૫

વ્યવહારનો વિકલ્પ
નિશ્ચયના વિકલ્પ દ્વારા
ગૌણ થાય છે
અને અનુભવ થતાં
બંને વિકલ્પ
એક સાથે છૂટે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હું શુદ્ધ ને જાણનાર અકર્તા છું તેવો દૃષ્ટિના વિષયનો વિકલ્પ ને જાણનારો જણાય છે તેવો જ્ઞાનની પર્યાયના નિશ્ચયનો વિકલ્પ તે બંનેથી પાર અનુભૂતિ છે. વિકલ્પમાં વિકલ્પ ન જણાય, વિકલ્પ યાદ ન આવે ને નિર્વિકલ્પ તત્ત્વ જ યાદ આવે તેને અનુભૂતિનો અવકાશ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

૭૭

પરિણામ સત્ અહેતુક
નિરપેક્ષ છે.
મધ્યસ્થતામાં જ્ઞાતા છે,
સહજમાં વીતરાગતા છે.
સહજમાં કર્તાબુદ્ધિ
ન હોય.

૭૮

અનુભવનો સમય પાકે ત્યાર પહેલા
આનંદની ઉર્મિઓ ઊછળે છે.
વિકલ્પ દેખાતો નથી, જણાતો નથી.
તે તો જ્ઞાનાનંદમૂર્તિને ભેટવા જાય
છે તે આનંદપૂર્વક જાય છે
વિકલ્પપૂર્વક નહીં,
વિકલ્પ તો યાદેય આવતો નથી.
વિકલ્પના કાળે નિર્વિકલ્પ જેવો થઈ
ગયો છે ને હમણાં નિર્વિકલ્પ થશે.

૭૯

જાણનારો
જાણનક્રિયામાં જ છે.
જાણનાર આત્મા છે તો
તેની ક્રિયામાં
જાણવું જ આવે.

૮૦

ઉપાદાનમાં જ્ઞાન થાય છે,
નિમિત્તમાં રાગ થાય છે.

૮૧

જ્ઞાનનું લક્ષણ વેદનથી
નક્કી થાય.
જ્ઞાન વેદન વગર
ન હોય.
શાસ્ત્રજ્ઞાનમાં આનંદનું
વેદન ન હોય.
આત્મજ્ઞાનમાં આનંદનું
વેદન હોય.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૮૨

જે પરિણામ જીવને પ્રસિદ્ધ કરે તે
પરિણામ જીવના કહેવાય.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

૮૩

પર્યાય આત્માને જાણે છે
તે ભેદ ઉપચાર છે.
આત્મા આત્માને જાણે છે
તે અભેદ ઉપચાર છે.
આત્મા તો આત્મા જ છે
તે અભેદ અનુપચાર છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૮૪

આત્મા વિકલ્પનો
કરનાર નથી,
ફેરવનાર નથી,
ટાળનાર નથી ને
જાણનારે ય નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૮૫

પરને કરવાની ઈચ્છા તેનું
નામ કષાય છે અને પરને
જાણવાની ઈચ્છા
તેનું નામ વિષય છે.
ઈચ્છા ઉત્પન્ન થવાનું કારણ
જ વિષયનો પ્રતિબંધ છે.
પૂરું જાણવું થતાં પ્રતિબંધ
છૂટી જાય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

૮૯

એક એક ભાવેન્દ્રિય એકને જ
ક્રમિક જાણે છે પૂરું જાણવું તેમાં
થતું નથી તેથી તેમાં વિષયનો
પ્રતિબંધ થઈ જાય છે.
અતીન્દ્રિયજ્ઞાન એક સમયમાં
જ્ઞાયકને જાણતાં બધું અક્રમે જાણે
છે તેથી તેમાં વિષયનો પ્રતિબંધ
ન થતાં ઈચ્છાની ઉત્પત્તિ જ થતી
નથી, તેથી તેમાં જાણવાનો
પ્રતિબંધ રહેતો નથી.

૮૭

# સામાન્ય મુમુક્ષસમાજ પુણ્યથી ધર્મ થાય તેમાં છેતરાણો ને પંડિતો વિદ્વાનો ભાવેન્દ્રિયને જ જ્ઞાન માનીને પરને જાણવામાં અટક્યા.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૮૮

# શુદ્ધનયથી ચ્યુત થાય ત્યારે જ રાગની ઉત્પત્તિ થાય.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ૮૯

ભાવેન્દ્રિય સ્વને તો
જાણતી નથી પણ
ખરેખર પરને પણ
જાણતી નથી.
ખરેખર તો આત્માનું
જ્ઞાન જ સ્વપરને જાણે છે.

## ૯૦

આત્માના અભિન્ન સાધન
જ્ઞાનથી જ આત્મા જાણી શકાય છે.

૯૧

જિનેન્દ્ર પ્રતિમાના દર્શન
શુભભાવ માટે નથી, તે તો
ધર્મનું અપૂર્વ નિમિત્ત છે.
હું તો મારા સ્વભાવના
દર્શન કરવા માટે
જિનેન્દ્રપ્રતિમાના
દર્શનાર્થે જાઉં છું.

૯૨

ત્રિકાળી જ્ઞાયક અકારક,
જ્ઞાનની પર્યાય અકારક ને
જે જ્ઞાન જ્ઞાયકને
જાણવારૂપે પરિણમે તે
જ્ઞાન પરિણત જીવ
પણ અકારક છે.
દ્રવ્યગુણપર્યાયમાં માત્ર
જાણવું જ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૯૩

વ્યવહારનયના વચનો
સાંભળી સાંભળીને
વ્યવહાર નિશ્ચય
થઈ ગયો ને નિશ્ચય
રહી ગયો.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

૯૪

ગ્રહણસાપેક્ષ ત્યાગ તે
સમ્યક્ ત્યાગ છે.
ગ્રહણ નિરપેક્ષ ત્યાગ તે
મિથ્યા ત્યાગ છે.

૯૫

દ્રવ્ય પર્યાયથી સર્વથા ભિન્ન છે તેમાં કથંચિત્‌નો જન્મ થાય છે. કથંચિત્ ભિન્નમાં દૃષ્ટિનો દોષ આવે નહીં ને જ્ઞાનનો દ્રોહ થાય નહીં. શ્રદ્ધામાં સર્વથા ભિન્ન માનજે ને જ્ઞાનમાં કથંચિત્ ભિન્ન-અભિન્ન જાણજે, માનતો નહીં. આ લાલની લાલબત્તી છે. શ્રદ્ધાની સાથે જ્ઞાન કથંચિત્ અભિન્ન ન થાય તો સમ્યગ્દર્શન નથી.

૯૬

હું તો અખંડ એક જ્ઞાયક છું. અતીન્દ્રિયજ્ઞાન મને પ્રસિદ્ધ કરે છે તે પણ હું નથી. હું તો આનંદની મૂર્તિ છું. સુખનો સાગર છું. હું તો સ્વદ્રવ્ય નિષ્ક્રિય શુદ્ધ પારિણામિક છું. હું તો તૃપ્ત તૃપ્ત છું. મારામાં અધુરાશ નથી. જે મારી સાથે આવે તે મારી વસ્તુ છે. જે મારી સાથે ન આવે તે મારી વસ્તુ નથી. પર્યાય નાશવાન છે તેના ઉપર આત્માનો ઉપચાર આવે છે તે મારી વસ્તુ નથી. પર્યાયનું લક્ષણ મારા પરમપારિણામિક લક્ષણથી જુદું પડે છે તેથી તે હું નથી.

૯૭

જ્ઞાનના ગર્ભમાં માત્ર
જાણવું છે.
આત્મા જાણનાર છે.
ઉપયોગમાં જાણવું છે.
અજ્ઞાનીના ઉપયોગમાં પણ
જાણવું જ છે,
મિથ્યાત્વની ચીકાશ
તેમાં નથી.

૯૮

પ્રગટ થતો સામાન્ય ઉપયોગ સ્વચ્છ છે. તે ઉપયોગને ઈન્દ્રિયજ્ઞાનમાં લ્યો તો ભેદજ્ઞાનની શક્તિ રહેતી નથી. જો ઉપયોગને અતીન્દ્રિયજ્ઞાનમાં લ્યો તો ભેદજ્ઞાનની જરૂર જ રહેતી નથી. માટે ઉપયોગ સામાન્ય જ પ્રગટ થાય છે. વિશેષ વિશેષ વિષયોના ભેદે તે જ સમયે અજ્ઞાની અથવા જ્ઞાની થઈ જાય છે.

૯૯

જ્ઞાયક પ્રગટ
સ્વભાવથી જ છે.
પ્રત્યેક સમયે તેનો જ્ઞાન
ઉપયોગ પણ પ્રગટ છે.
તેમાં સ્વપરનો પ્રતિભાસ
થાય છે ત્યારે સ્વના
આવિર્ભાવે જ્ઞાની ને પરના
આવિર્ભાવે અજ્ઞાની
બની જાય છે.

૧૦૦

અજ્ઞાનીને કાંઈ કરે નહીં તો
ગમે નહીં ને જ્ઞાનીને કંઈ
કરવું ગમે નહીં.
જાણવું તે જ પુરુષાર્થ છે.
જાણવામાં ટકે ને કરે નહીં
તે જ પુરુષાર્થ છે.
જાણવાનું ટકાવી રાખે તેને
જ પુરુષાર્થ વીર્ય કહેવાય.

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

: પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન :
શ્રી કુંદકુંદ કહાનામૃત
પ્રભાવના મંદિર ટ્રસ્ટ
"સ્વીટ હોમ"
જાગનાથ પ્લોટ શેરી નં-૬,
જીમખાના રોડ,
રાજકોટ - ૩૬૦ ૦૦૧.